ગાંધીનગરસમાચાર
તા. ૧-૧૨-૨૦૧૩, રવિવાર

તંત્રી સ્થાનેથી.....

તેજપાલ પ્રકરણમાં રાજકારણના રંગ પણ છે

તરુણ તેજપાલ કોઈ અલેલટપ્પુ નહોતા. દેશમાં જ નહીં, દુનિયાભરમાં સંશોધનાત્મક પત્રકારત્વના એક મજબૂત માઈલસ્ટોન તરીકેની ખ્યાતિ ધરાવતા આ 'જાયંટ જર્નાલિસ્ટ'ની આબરૂ રાતોરાત ધૂળમાં મળી ગઈ છે. તહેલકાને તાળાં લાગી ગયાં છે. જે છોકરડાં એમને આદર્શ ગણીને ચાલી રહ્યાં હતાં તે ઊછળી ઊછળીને તેજપાલના મરશિયાં ગાઈ રહ્યાં છે. તેજપાલ બીજા માણસો જેવા જ માણસ છે અને માનવસહજ કહી શકાય એવી કામવાસનાનો ભોગ બન્યા છે. તેજપાલે એમની પુત્રીની બહેનપણીની સાથે જે કુચેષ્ટા કરી તે કોઈપણ દૃષ્ટિએ ક્ષમ્ય નથી, પરંતુ એમના આ અક્ષમ્ય અપરાધની એમને જે સજા મળી રહી છે તે ગુનાના પ્રમાણમાં ઘણી વધારે છે. અદાલત તો સજા કરશે ત્યારે કરશે, અત્યારે મીડિયા, રાજકારણી અને સમાજ એમની પાછળ ખાઈખપૂરીને પડ્યાં છે. ભારતીય જનતા પાર્ટીના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ બંગારુ લક્ષ્મણનું સ્ટિંગ ઓપરેશન કરાવી તેજપાલે એમની રાજકીય કારકિર્દી ખતમ કરી નાખવામાં સૌથી મોટો ભાગ ભજવ્યો હતો. કપિલ સિબ્બલ જેવા કૉંગ્રેસી અગ્રણી સાથેના નિકટ સંબંધોને કારણે દિલ્હીનું ભાજપ કાર્યાલય તેજપાલને બરાબર ફસાવવાની વ્યૂહરચના સાથે ગોવાના પ્રદેશ કાર્યાલયને માર્ગદર્શન આપી રહ્યું છે. ગોવાના એરપોર્ટ પર તેજપાલનું કાળા વાવટા ફરકાવીને તથા સૂત્રો પોકારીને ભાજપ કાર્યકરોએ 'સ્વાગત' કર્યું એટલું ઓછું હોય એમ મુખ્યમંત્રી પોતે આખી ઘટનાનું મોનિટરિંગ કરતા રહ્યા. સુબ્રહ્મણ્યમ સ્વામીએ તો ગોવાની પોલીસને સૂચવ્યું કે પોતાના ઘરમાં ન મળતા હોય તો તેજપાલની તપાસ ૧૦, જનપથમાં કરવી જોઈએ- કદાચ એમણે ત્યાં આશરો લીધો હોય! આમ સમગ્ર પ્રકરણમાં રાજકારણથી ઘેરાયું છે, પરંતુ તેજપાલ શરૂથી જ અત્યંત સ્પષ્ટ છે: એ કંઈ નારાયણ સાંઈ નથી કે સંતાતા ફરે. એમને કદાચ કલ્પના પણ નહીં હોય કે ગોવાની હોટલમાં લિફ્ટમાં કરેલી અભદ્ર ચેષ્ટા આટલું વિકરાળ સ્વરૂપ ધારણ કરી એમની કારકિર્દીના લીરા ઉડાડી દેશે. કેસમાં સમાધાન કરવાની કોશિશ એમણે જરૂર કરી છે અને એ તો કોણ નથી કરતું? બલકે પોતાની અક્ષમ્ય ભૂલની આગોતરી કબૂલાત પણ એ કરી ચૂક્યા છે. 'ગિરના પાપ નહીં, ગિર કર ગિરે રહના પાપ હૈ'- હિંદીના પ્રસિદ્ધ સર્જકે સુદર્શનની આ સૂક્તિનો આશ્રય લેવાની એમની તૈયારી લાગે છે પરંતુ પીડિતા બરાબર વીફરી છે. એણે હઠ પકડી છે કે આ માણસને બરાબર પાઠ ભણાવું તો જ ખરી. આ પ્રકારની માનસિકતા કેટલી આવકારદાયક ગણાય તે ચર્ચાનો વિષય હોઈ શકે. તેજપાલને ઉદારતાપૂર્વક ક્ષમા કરીને પીડિતા વધુ આદર મેળવી શકી હોત. ઢાંકોઢૂંબો કરી બોસની જોહુકમી સહી લેવી એ જરૂર કાયરતા જ ગણાય, પરંતુ આ રીતે જાહેરમાં આબરૂના ઘજાગરા કરવા એ પણ સમયની જ બલિહારી છે. તેજપાલને જેલ થશે એથી પીડિતાને જે પીડા પહોંચી દઈ તે 'ન પહોંચી' થોડી થશે? પરંતુ નિર્ભયા કાંડ પછી આ પ્રકારની માનસિકતાનો વાવર ચાલ્યો છે. તેજપાલે પીડિતાને પજવી એ કરતાં વધારે તો એ પોતે એને મનાવી લેવા ઘૂંટણિયે પડ્યા છે. એમણે શોમા ચૌધરીથી લઈ એમની પુત્રી સુદીનાં માધ્યમો દ્વારા અને ઈ-મેલ દ્વારા પશ્ચાતાપ વ્યક્ત કરીને થઈ શકે તે તમામ પ્રયાસો કર્યા, છતાં પીડિતાએ નર્મદની જેમ 'ડગવું ભર્યું કે ના હટવુ ના હટવું, વેણ કાઢ્યું કે ના લટવું- ના લટવું' વાળું સૂત્ર જ અમલમાં મૂક્યું. મીડિયાના મહારથી મીડિયાના જ ગણતરીપૂર્વકના પ્રહારોથી ઘાયલ થયા છે; કહો કે ભલભલા ખેરખાં જેમના નામથી ધ્રૂજતા હતા એ તેજપાલ સમય સામે હાર્યા છે, પરંતુ પીડિતા જીતી છે ખરી? શું એક તેજપાલને જાહેરમાં અપમાનિત કરી દેવાથી ભવિષ્યમાં કુદૃષ્ટિ કરનારાઓ પર 'કંટ્રોલ' આવશે? કાયદો તો કાયદાનું કામ કરશે, પરંતુ પુરુષ માત્રમાં એક તેજપાલ બેઠો છે એને કઈ રીતે સુધારી શકાશે?

લાંબડીયા ગામે શાળા આરોગ્ય કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩૦

કલ્પતરૂ વેલ્ફેર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સંચાલિત કલ્પસેવા આરોગ્ય કેન્દ્ર દ્વારા ગજાનન સેવા સમિતિના સહયોગથી શાળા આરોગ્ય કાર્યક્રમ યોજાયો હતો.

ખેડબ્રહ્મા તાલુકાના લાંબડીયા ગામમાં આવેલ પારસ વિદ્યાલયમાં ૧૦૨૦ બાળકોને ચકાસણી કરી દવા આપી હતી. ડૉ. કૃષ્ણાનંદ ચીતાણીયા, ડૉ. પ્રવીણભાઈ, ડૉ. સુવિણાબેન ચીતાણીયા, ડૉ. અતુલ પંડ્યાએ સહયોગ આપ્યો હતો. પારસ વિદ્યાલયમાં કાર્યક્રમ યોજાયેલ હતો. જેમાં મિલેન્દુભાઈ, દિનેશભાઈ, ગોપાલભાઈ ગામેતી ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર હેન્ડબોલ એકેડમી પ્રથમ સ્થાને વિજેતા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર હેન્ડબોલ એસોસીએશન દ્વારા હેન્ડબોલ ચેમ્પિયનશીપ જિલ્લા કક્ષાએ યોજવામાં આવી હતી. મુખ્યમહેમાન સંજીવ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. અંડ ૧૬ ભાઈઓની ૪ ટીમ તથા ૧૬ વર્ષથી નીચેના ભાઈઓની ૪ ટીમોએ ભાગ લીધો હતો. ગાંધીનગર હેન્ડબોલ એકેડમી ટીમે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. જે એમ.જી. હાઈસ્કુલ શેરથા દ્વિતીય સ્થાને આવી હતી.

૧૬ વર્ષની ઉપરના ભાઈઓની સ્પર્ધામાં ગુજરાત પોલીસની ટીમ પ્રથમ અને જે. એમ. જી.હાઈસ્કુલ દ્વિતીય સ્થાને રહેલ છે.

ગાંધીનગર હેન્ડબોલ એસોસીએશન સેક્રેટરી નિમેશ પટેલ તથા હેન્ડબોલના કોચ કૌશિક પટેલ દ્વારા જણાવવામાં આવેલ છે. તથા ગુજરાત હેન્ડબોલ એસોસીએશનના સેક્રેટરી આર.ડી. ચંદ્રા તથા એસ.એસ.જી. માં ચીફ કોચ સલીમ સમાએ વિજેતા ટીમોને અભિનંદન પાઠવેલ છે.

નિમેશ પટેલ સેક્રેટરી ગાંધીનગર હેન્ડબોલ એસોસીએશનની આગામી સ્પર્ધા માટે તથા રેફ્રી સેમીનારનું આયોજન કરવામું ખેલાડીઓ- હેન્ડબોલ રમતનું જ્ઞાન ધરાવતાં શિક્ષકોને રેફ્રી સેમીનારમાં ભાગ લેવા જણાવેલ છે.

કન્યા કેળવણીનું ઉત્તમ દૃષ્ટાંત 'મમતા વિજ્ઞાન'નું વિતરણ

ગાંધીનગર, તા. ૩૦

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ડૉ. સુવિણાબેન ચીતાણીયા જેઓ સ્ત્રી રોગોના નિષ્ણાત છે. તબીબી ક્ષેત્રને ઉપયોગી પુસ્તક લખ્યું છે. મમતા વિજ્ઞાન નામના પુસ્તકમાં ૩૦૦થી વધારે પાનાં છે. આકૃતિઓ, ડૉક્ટર, નર્સ તથા મેડીકલ જગતને ઉપયોગી છે. જે ગુજરાતીમાં છે. જેની ૧૦૦ નકલ કન્યા કેળવણી કાર્યક્રમમાં આપવાનો સંકલ્પ કર્યો છે. તે અર્થ ભિલોડાની નર્સીંગ કોલેજની બહેનોને અર્પણ કર્યા છે. ૪૦ નર્સીંગ વિદ્યાર્થીનીઓ હાજર હતી. ડૉ. કૃષ્ણાનંદ વિતરણીયાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આચાર્યા દક્ષાબેને આભાર માન્યો હતો. મિલિન્દ ગુપ્તે, ગોપાલભાઈ, ભીમજી ગામેતી હાજર રહ્યા હતા.

(તસવીર : દિપક જાની)

મુંબઈ યુનિવર્સિટીના ઉપક્રમે 'દલિત સાહિત્ય' પર આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે

મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગ દ્વારા આગામી ૬ ડિસેમ્બર ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મદિનના અવસરે 'દલિત સાહિત્ય' પર તા. ૫ અને ૬ ડિસેમ્બર બે દિવસ માટેનો આંતરરાષ્ટ્રીય પરિસવાદ સંપન્ન થઈ રહ્યો છે. જેમાં ગુજરાતમાંથી સર્વશ્રી હરીશ મંગલમ, મધુકાન્ત કલ્પિત, ચંદુ મહેરિયા, ડૉ. કેશર મકવાણા, ગિરિશ રોહિત, હર્ષદ પરમાર, રાજેન્દ્ર રોહિત, ડૉ. શિવરામ શ્રીમાળી, ડૉ. કાન્તિ માલસતર, ડૉ. રાજેશ મકવાણા, ડૉ. રાજેશ વણકર, નટુભાઈ પરમાર, ડૉ. હાસ્યદા પંડયા, અરવિંદ વેગડા, ડૉ. મનસુખ ઉપસ્થિત રહી વકતવ્યો આપશે.

ગોઠવાયેલા કાર્યક્રમ અનુસાર તારીખ ૫ ડીસેમ્બરના રોજની ઉદઘાટન બેઠકમાં મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. રતિલાલ રોહિત સ્વાગત પ્રવચન સાથે સેમિનારની ભૂમિકા પૂરી પાડશે. જેમાં ઉદઘાટક તરીકે મુંબઈ વિદ્યાપીઠના નિયામકશ્રી ડૉ. રાજપાલ હાંડે અતિથિવિશેષ પદે, સાહિત્યકાર ડૉ. પ્રીતમ લખલાણી (યુ.એસ.એ.) 'દલિત સાહિત્ય' વૈશ્વિક સંદર્ભ પર એમના વિચારો વ્યકત કરશે. આ બેઠકમાં ડિપાર્ટમેન્ટ ઓફ કલ્ચરલ સ્ટડીઝ- હૈદરાબાદના પ્રો. કે. સત્યનરાયણ બીજ ભાષણ રજૂ કરશે.

આજ દિવસે ભારતીય દલિત કવિતા પરની પ્રથમ બેઠક અગ્રીમ મરાઠી દલિત સાહિત્યકાર ડૉ.દામોદર મોરેનના અધ્યક્ષસ્થાને યોજાશે. જેમાં 'ગુજરાતી દલિત કવિતા' પર શ્રી મધુકાન્ત કલ્પિત, 'હિન્દી દલિત કવિતા' પર શ્રી દત્તાત્રય અને 'મરાઠી દલિત કવિતા' પર મહેન્દ્ર ભવરે વકતવ્યો આપશે.

દ્વિતીય બેઠકમાં અગ્રીમ ગુજરાતી દલિત સાહિત્યકાર શ્રી હરીશ મંગલમના અધ્યક્ષસ્થાને 'ભારતીય દલિત નવલકથા' પર ચર્ચા યોજાશે. જેમાં 'ગુજરાતી દલિત નવલકથા' પર ડૉ. કેસર મકવાણા 'હિન્દી દલિત નવલકથા' પર શ્રી ગીરીશ રોહિત અને 'મરાઠી દલિત નવલકથા' પર શ્રી રાજેશ કરનાલ વકતવ્યો આપશે.

ભારતીય દલિત આત્મકથા પરની ડૉ. બી. રંગરાવના અધ્યક્ષપદે યોજનારી તૃતીય બેઠકમાં ગુજરાતી દલિત આત્મકથા પર ડૉ. રાજેશ મકવાણા હિન્દી દલિત આત્મકથા પર ડૉ. હાસ્યદા પંડયા અને મરાઠી દલિત આત્મકથા પર ડૉ. લીલા કેદાર વકતવ્યો આપશે. જયારે ચર્તુથ બેઠકમાં ગુજરાતી દલિત નાટક પર શ્રી અરવિંદ વેગડા, હિન્દી દલિત નાટક પર શ્રી રતનકુમાર સાંભરિયા અને મરાઠી દલિત નાટક પર ડૉ. મંગેશ વકતવ્યો આપશે.

ભારતીય દલિત પત્રકારત્વ પરની શ્રી ચંદુ મહેરિયાના અધ્યક્ષપદે યોજાનારી પાંચમી બેઠકમાં ગુજરાતી દલિત પત્રકારત્વ પર શ્રી નટુભાઈ પરમાર, હિન્દી દલિત પત્રકારત્વ પર ડૉ. મનસુખ ગાયજન અને મરાઠી દલિત પત્રકારત્વ પર ડૉ. વિઠ્ઠલ શિંદે વકત્યો આપશે.

હરિની દૃષ્ટિ...

અમે, આપણાં દેશને એઈડઝ ફ્રી જોવા માંગીએ છીએ. એટલે જ તો વારંવાર વિદેશ પ્રવાસનું આયોજન કરીએ છીએ...

મહર્ષિ અત્રિ શાળા પિંપળજ ખાતે વાર્ષિક રમતોત્સવ યોજાઈ ગયો

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા પિંપળજનો વાર્ષિક રમતોત્સવ તા. ૨૬-૨૭ નવેમ્બરના રોજ યોજવામાં આવ્યો હતો. રમતોત્સવ દરમિયાન કોથળા

દોડ, લીંબુ ચમચી, ચોકલેટ શોધ, સંગીત ખુરશી, કાંગારુ ચાલ, ત્રિપગી ચાલ, માટલા ફોડ, કબડ્ડી-ખો-ખો જેવી વિવિધ રમતોમાં શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ ચૌધરીએ કર્યું હતું તેમજ સ્પર્ધામાં ટ્રસ્ટીઓ, ભરતભાઈ દુમર, હર્ષદભાઈ પટેલ, આચાર્ય ભરતસિંહ રાઠોડે ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

નર્સિંગ કોલેજ દ્વારા વિદ્યાર્થી સ્વાગત કાર્યક્રમ યોજાયો

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત શેઠ સી.એમ. નર્સિંગ કોલેજ દ્વારા વિદ્યાર્થી સ્વાગત કાર્યક્રમ સવારે ૧૦.૦૦ કલાકે કોલેજ હોલ ખાતે યોજાઈ ગયો.

સી.એમ. નર્સીંગ કોલેજમાં પ્રથમ વર્ષ એમએસ સી નર્સીંગ, પોસ્ટ બેઝીંક બી.એસી., બી.એસી, જી.એન.એમ, એ.એન.એમ. ના અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને લઈને વિદ્યાર્થી સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, નર્સીંગ કોલેજના કેમ્પસ ડાયરેકટર ડૉ. આર. જે. વ્યાસ, નર્સીંગ કોલેજના આચાર્યા રવિનાબેન ક્રિશ્ચય, પત્રકારત્વ વિભાગના મિતેશ મોદી ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત મહેમાનો દ્વારા પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. ઉપસ્થિત મહેમાનોની આભાર વિધિ આચાર્યા રવિનાબેન ક્રિશ્ચયન દ્વારા કરવામાં આવી હતી. જયારે દ્વિતીય તથા તૃતીય વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન પણ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રા. ફાલ્ગુની મોદી, પ્રા. આશા પટેલ સહિત પ્રાધ્યાપક ગણના માર્ગદર્શન હેઠળ રજૂ થયું હતું.

કહી જાઈયેગા મત... હમ અભી હાજીર હોતે હૈ...!!!

વિગેરે...વિગેરે...

- અજય ઉપાધ્યાય

'ગૌર સે દેખિયે યે ઇન્સાન કો.. હો શકતા હૈ ઈસે આપને ભી કહીં દેખા હો..' તમારી તરફ ચીંધાયેલી આંગળી સાથે ગરજતા કે તમને ડરાવતા શખ્શ ના એક જ વાક્યે તમે પણ સોફામાં પગ ઉપર કરીને, આખો જીણી કરીને દિમાગ ને જોર આપવા માંડો. તમને પણ થાય કે સાલું આ વિકરાળ આટલો આગ્રહ કરીને કહે છે તો બની શકે ક્યાંક આને જોયો પણ હોય. ક્રિકેટ મેચના આગલા દિવસથી કે મેચના દિવસે સ્ટુડિયોમાં બેઠેલા મહાન ક્રિકેટરોની સલાહો અને મેચના પરિણામના અંદાઝ સાંભળીને આપણને ય એકવાર તો શક થઈ જાય કે સાલું ક્યાંક આ લોકો મેચ તો નથી ફિક્સ કરતા ને? સચિનને કે ધોની ને ભૂતપૂર્વ ક્રિકેટરો સલાહો આપે એ તો સમજયા પણ લાગે હાથ એન્કર પણ શિખામણ ના બે બોલ ફટકારી જ દે ત્યારે આપણને એના પર માન થઈ જાય. તેજપાલભાયના તરુણીયાની રાસલીલાની ચાલતી ચર્ચામાં આડું અવળું બોલનારને અંદર ઘુસીને એક લાફો વળગાડી દેવાનું ક્ષણિક જનુન ઘરવાળીના ચહેરા પર જોઈને તમનેય બીક લાગે કે હવે તરુણભાઈની ખેર નથી. હહહહ.. વેઈટ આજે હાસ્ય લેખ લખવાનો કોઈ ઈરાદો નથી પણ હા આજે જરા હળવે હૈયે માંડવી છે ઈડીયટ બોક્ષની રામ કહાની ઓહ સોરી... ઈડીયટ બોક્ષમાંથી નોનસ્ટોપ નીકળતા ન્યૂઝ બોલે તો સમાચાર બોલે તો ન્યૂઝ ચેનલ્સોની ખબરબાઝીની. બસ.. તો. પંખે કો થોડા ફાસ્ટ ઘુમા કે... રસ્મે કો થોડા ઉપર ખીચકે (જો હોય તો).. પૈસો કો થોડા લંબા ફૈલાકે..થઈ જાવ તૈયાર ઘર બેઠા ચોવીસ કલાક વહેતી સમાચાર ગંગામાં ડૂબકીદાવ રમવા.

આંખનું મટકું ય માર્યા વગર અને ચહેરા પર એક પણ ભાવ લાવ્યા વગર સમાચાર વાંચતી સલમા સુલતાન, વેદ પ્રકાશ કે મુચ્છડ શમ્મી નારંગ જેવા દૂરદર્શનીયા સમાચાર વાચકો તો ક્યારના પાછળ રહી ગ્યા છે હવે તો જમાનો છે ઘાણીકૂટ અંગ્રેજી બોલતા અરનબ ગોસ્વામી, એકદમ ઓછા પણ વેધક શબ્દોમાં સામેવાળાની ખબર લઈ લેતા રવીશકુમાર કે ભારોભાર નાટકીય એવા દીપક ચોરસિયા કે પછી વુમન પાવર બરખા દત્ત કે પછી ચુચરી આખોથી દર્શકો પર ત્રાટક કરતા રજત શર્મા નો. દૂરદર્શન વખતમાં ફક્ત સવાર બપોરેને સાંજ કે રાત એમ ૩-૪ વાર જ ન્યૂઝ બ્રોડકાસ્ટ થતાને એય અંદાજે ૧૫ મિનીટના જયારે હવે તો આ લોકો સમાચારની સરિતા ચોવીસ કલાક ચાલુ રાખે છે. રાત્રે ૩ વાગે પણ જો ઊંઘ ન આવતી હોય ને ભૂલથી ન્યૂઝ ચેનલનું બટન દબાવાઈ ગયું તો ખલાસ... રાત્રે ૩ વાગે પણ ક્યાંક ને ક્યાંક બ્રેકીંગ ન્યૂઝ આવતા જ હોય. આ બ્રેકીંગ ન્યૂઝ શબ્દની જેણે શોધ કરી હશે એને સ્વપ્ને ય ખ્યાલ નહી હોય કે સવાઈ માધોપુરમાં હડકાયા કુતરા જો ૩-૪ને કરડશે તો એને પણ ભવિષ્યમાં બ્રેકીંગ ન્યૂઝ શ્રેણીમાં જ સમાવેશ. ઘણી વાર તો સવારે બનેલા બનાવ બ્રેકીંગ ન્યૂઝ ૨૪-૨૪- કલાક સુધઈ બતાવી કાઢે છે. શું કરે યાર? ચોવીસ કલાક સમાચારો ક્યાંથી કાઢવા? છતાય વિચાર તો કરો ક્યા ક્યાથી અનેક કેવા કેવા સમાચારો શોધી લાવવ પડે છે તમને જકડી રાખવા જો કે આવડા મોટા દેશમાં કોઈકને કોઈક ખૂણે કંઈકને કંઈક થતું જ રહેતું હોય છે. ને નાં થતું હોય તો પણ આ લોકો કૈક ને કૈક બનાવતા જ રહેતા હોય છે. સમાચાર માટે એમ કહેવાય છે કે જો મળે નહી કે બને નહી તો બનાવવા પડે છે. ને બેઘડક બનાવે પણ છે. કોઈ હીરો એ કોઈ હિરોઈન સાથે કરેલી વાત કે મુલાકાતનો માંડ અઢી મીનીટનો વિડીયો હોય છે પણ કમાલ જુવો એમની એ અઢી મિનીટને યુઈન્ગમની જેમ ખેંચી ખેચી ને અર્ધા કલાક કે કલાકનો પ્રોગ્રામ એ તમારે માટે બનાવી કાઢે ને એય પાછો એવો કે ભલેને વચ્ચે ચાર બ્રેક પાડે પણ તમે હલો નહી સીટ પરથી.. ખરેખર કાબીલેદાદ છે. ને એમાંય જો ક્યાંક હાઈ પ્રોફાઈલ મર્ડર થયું હોય તો તો પછી વાત જ જવા દો. હજુ તો પોલીસ ઘટના સ્થળે પહોંચે ત્યાં તો સ્ટુડિયોમાં ખટલો ય ચાલવા માંડે.. સંભવિત ગુનેગારની પહેચાન પણ થઈ જાય.. કાયદા નિષ્ણાતોની સાથે સાથે બેય પક્ષના કલ્પિત વકીલો ય આવી જાય ને જોતજોતામાં તો કલીનશેવિયો ટાઈધારી એન્કર એનો ફેસલો ય સુણાવી કાઢે. સાલું આ આપણને થાય કે કાયદો તો આમ જ કામ કરવો જોઈએ. ઐસે હી હોના ચાહિયે ઈન્સાફ.. અમિતાભ કે સલમાનનું સુપરહીટ ફિલ્મ જોઈને બહાર નીકળતા પ્રેક્ષકો જેવા સંતોષના ભાવ આપણા ચહેરા પર તરવરી ઉઠે. આ હેય.. મજા આવી ગઈ. બિલકુલ આવી જ પાણીપતની લડાઈ જોવા મળે રાજકીય ડીબેટવાળા પ્રોગ્રામમાં, એકબીજાને આદરભર્યા સંબોધનોથી શરૂ થયેલી રાજકીય પ્રતિધ્વંધીઓની આ ચર્ચા જોતજોતામાં શાકબકાલા માર્કેટ કરતા પણ વધુ શોરગુલમાં ટ્રાન્સફર થઈ જાય ખુરસીના ખૂણે બેઠેલા આપણને એ જ ખબર ના પડે કે આમાં કોણ કઈ બાજુ બોલે છે ને એન્કર બાપડો સિગ્નલ પર ઉભેલા ટ્રાફિક જમાદારની જેમ ચારે બાજુ થંભા થંભા નાં ઈશારા કરતો અંતે અચાનક બ્રેકની ઘોષણા કરે ને આપણે મ્યુટ બટન તરફ આંગળી લંબાવીએ. આ તો જેને રાજકારણમાં રસ હોય એ મ્યુટ બટન દબાવે પણ જેને એમાં જ્યુસનાં હોય એ શું કરે? નો પ્રોબ્લેમ સર... યહ સબ કે લીયે કુછ ન કુછ મિલ હી જાતા હૈ...

ચુ નો આમ તો આ ચેનલોનું ઓફીશીયલ નામકરણ તો ન્યૂઝ ચેનલ છે બટ સમાચાર સિવાય પણ ઘણું ઘણું બતાવી કાઢે છે ઓફ્કોર્સ સમાચાર ના નામે જ તો. રોજ સવારમાં આ ચેનલો અચૂક એકાદ બાબા કે સંતના આર્શીવચનનો તમને લાભ આપે છે એમને ખબર પડી જ જાય કે હવે તમે જાગી જ ગયા હશો એટલે ધાર્મિક આરતીઓ, પ્રવચનોનો મારો ચાલુ કરી દે. ભલે ને આ સમાચાર ના હોય તો શું થઈ ગયું? તમારે બાબા ના બોલબચ્ચન નથી સાંભળવા? કોઈ બાત નહીં ફેરવો ચેનલ એટલે ક્યાંક કોઈ આશ્રમમાં યાની કી ચેનલ પર આપનો આજનો દિવસ કેવો રહેશે એનો આગોતરો ચિતાર મળી જશે ને લગે હાથ જો શની કે રાહુ નડતો હશે તો એનો ઉપાય પણ જાણવા મળી જશે. ઓ. કે. કશું જ નાં નડતું હોય એવા સદનસીબ હો તો એય ને કોઈ લશ ગ્રીન ગાર્ડનમાંથી શિલ્પા શેટ્ટી કે બહુ સારા નસીબ હોય તો જેને ફોન્ડા તમને ચુસ્ત બનાવવા માટે આતુર હોય છે. જો એના કહ્યા પ્રમાણે બધા કસરતો કરતા હોત તો આજે અર્ધી પ્રજા તંદુરસ્ત હોત.. એની વે ફરગેટ ઈટ.. તમે ફોન્ડા.. શેટ્ટી થી દુર રહેવા માંગતા હોય તો આગળ વધો કહી કિસી કોને મેં આઈ મીન ચેનલ પે અખબારો સે નામનો સાત્વિક અને માહિતીપ્રદ કાર્યક્રમ તમારી રાહ જોઈ રહ્યો હશે જ. ઘર બેઠા તમે નામ પણનાં સાંભળ્યા હોય એવા એવા અખબારોના વાંચનનો આપ મહામુલ્યવાન લાભ ઉઠાવી શકશો. છે ને ન્યૂઝ યાની ન્યૂઝપેપર લાઈબ્રેરી...

દિવસના શરૂઆત ના ન્યૂઝ તો એકદમ સલુકાઈ અને ખરેખર સમાચાર સભર જ હોય છે. ટયુકડા પડદા પર રૂપાળી એન્કરની આપેલી આપકા દિન મંગલમય હો. વાળી શુભેચ્છા લઈને હરખભેર નીકળી પડીએ છીએ. કામધંધે.. સવારમાં નિયમિત વહેતો સમાચાર રૂપી પ્રવાહ જેમ જેમ દિવસ ચડતો જાય એમએમ ઈતર વાતો તરફ ફંટાતો જાય. હળવેકથી અર્ધો કલાકનો ફિલ્મનો પ્રોગ્રામ જીકી દેવામાં આવે. અરે ભાઈ ન્યૂઝ રીડરને ચા-નાસ્તો કરવાનો ટાઈમ આપવાનો કે નહી? ને પછી એકાદ સ્પોર્ટસનો, એકાદ ગોસીપ, એકાદ વિજ્ઞાનનો... એમ એક પછી એક આવા પુરક પ્રોગ્રામોની વચ્ચે વચ્ચે એક બે વાર ન્યૂઝ પણ બ્રોડકાસ્ટ કરતા જાય.. પણ એક વસ્તુ છે સમાચાર ને એ રીતે પેશ કરે ને કે ભલે ને છેલ્લે ખોદા પહાડ નિકલા ચૂહા નીકળે પણ તમને છેક સુધી ઉઠવા તો નાં જ દે મતલબ ચેનલ બદલવા ના દે. દેશમાં જો કોઈ મોટી ઘટના બની એ જો મોટી હોય તો બધા પ્રોગ્રામ કેન્સલ અને એક્સક્લુઝીવ અને બ્રેકીંગ ન્યૂઝથી સ્ક્રીન ભરાઈ જાય. એક જ વિડીયો કપાય. વિડીયોનાં મળે તો ગ્રાફિક્સથી એનો અંદાઝ અપાય. વિશ્લેશનો થાય.. આકડાઓ અપાય.. સરવાળે બધી જ મહેનત દર્શક ને ખુશ ને સંતોષ આપવા કરાય. ને આખા દિવસમાં કાંઈ ના બને તો ટેબલ સ્ટોરી ઓ તૈયાર જ હોય.. અબ ખુલેગા પાતાલ કા રાઝ... દેખિયે કૈસે પૈદા હુઆ ડાઈનાસોર... એક ગાવ જગાં આજ ભી ભૂત રહેતે હૈ... જેવા પ્રોગ્રામો તૈયાર જ હોય.. કૌન સા દેખના માંગતા બોલો ભાયજાન? ઘણા લેટ લતીફો માટે અને રાત ઉજાગરિયાઓ માટે ક્રાઈમ... ખૂન... હત્યા.. બળાત્કાર... ફ્રોડ જેવા બનાવોની સનસનીખેજ દાસ્તાનોવાળા હોરર કાર્યક્રમો મોડી રાતે સનસની ફેલાવતા રહેતા હોય છે. તો ક્યાંક મોડી રાત સુધી વિદેશી નટીઓ હિન્દી ભાષામાં આપણને વજન કમ કરવાની દવા-નુશખા બતાવતી રહે છે. ક્યાંક ફોન લગાવો ને રૂપિયા જીતો જેવી લોટરી છાપ હાટડીઓ ખુલી જાય તો ક્યાંક વળી કોઈ બાબા નવેસરથી પોતાના ભકતો પર કિપા વરસાવતા નજરે પડે છે. તો ક્યાંક વળી ઓનલાઈન શોપ વાળા ઈલેક્ટ્રિક ઝાડું કે ૧૨૦૦૦ની વસ્તુઓ તમને ૨૩૦૦માં પધરાવવાની લાલચો આપતા રહેતા હોય છે.

જો કે ગળવી બાજુને ભૂલીને જોઈએ તો આજે સમાચાર ચેનલો આપણને ઘડીના છઠ્ઠા ભાગમાં ઘરતીના કોઈપણ ખૂણે બનતી ઘટના ત્વરિત બતાવે છે. માહિતીના માધ્યમની આજ મજા છે. નો ડાઉટ પહેલા બનવાની હોડમાં ક્યાંક અતિશયોક્તિ પણ થાય છે. કાચું કપાઈ છે પણ સરવાળે ફાયદો તો દર્શકોનો જ છે. સરવાળે તો મનોરંજના દર્શકોનું જ થાય છે ને. અને અઘર ઘેન ન્યૂઝએ પણ અંતે તો એક પ્રકારના ન્યૂઝ જ છે ને. ઘણા તો ન્યૂઝ ચેનલને જ સૌથી શ્રેષ્ઠ મનોરંજક ચેનલ ગણે છે ને વાત ય સાચી જ છે ને. એકને એક સમાચાર કેટલીક વાર જોવા ના? એટલે તો આ લોકો વેરી સ્માર્ટ છે.. એ બધું જ બતાવે છે.. સમાચારનાં નામે... ખીચડી સીરીયલના પ્રફુલ્લની સ્ટાઈલમાં કહીએ તો.. એન્ટરટેઈનમેન્ટ કા એન્ટરટેઈનમેન્ટ.. ન્યૂઝ કે ન્યૂઝ...

રીમાઈન્ડર :

હેડલાઈન : ઓસામા મારા ગયા. બ્રેકીંગ ન્યૂઝ : ઓબામાં કે સર પર લગી ગોલી (ઈન્ડિયા ટીવી)

હેડલાઈન: કલ ઓપરેશન મેં મારા ગયા લાદેન- બ્રેકીંગ ન્યૂઝ : ઓબામાં કે મૌત સે રાહત - બ્રિટેન (આઈબિએન-૭)

- લાદેનના મોત વખતે બે ચેનલો પર ચમકેલા બ્રેકીંગ ન્યૂઝ...